# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# Local Government Election Campaign

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી મહાનગરપાલિકા, નગરપાલિકા , જિલ્લાપંચાયત અને તાલુકાપંચાયતની સામાન્ય ચુંટણીઓ તેમજ કેટલીક નગર પાલિકાની પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની ચુંટણીઓ માટે પ્રચારકાર્ય જોર શોરથી યોજાશે.

રાજ્યના મુખ્ય રાજકીય પક્ષો ભારતીય જનતા પાર્ટી – કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષોના ઉમેદવારો પોતપોતાનાં વિસ્તારોમાં પક્ષના અગ્રણીઓ સાથે મળીને જાહેરસભા લોકસંપર્ક અને ઘરે ઘરે જઈને પ્રચાર કરી રહ્યાં છે

પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. ગોધરાની ગવર્મેન્ટ પોલીટેકનિક કોલેજ ખાતે કુલ **528 EVM** મશીનોની સીલિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને સુચારુ બને તે માટે **50**થી વધુ પ્રિસાઈડિંગ ઓફિસરો અને સ્ટાફ આ કામગીરીમાં જોડાયા છે.

# Raksha Khadse- Women's Bill

મહિલા અનામત બિલને લઈને ગાંધીનગર કમલમ ખાતે કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ બિલ દેશની તમામ મહિલાઓ માટે હતું. આ બિલના માધ્યમથી સામાન્ય વર્ગની મહિલાઓ સંસદ સુધી પહોંચી શકતી હતી. પરંતુ કોંગ્રેસે રાજનીતિ કરી છે અને બિલના વિરોધ માટે અલગ અલગ કારણો દર્શાવ્યા હતા. કોંગ્રેસ મહિલાઓ માટે વિરોધ કરે છે. જેનો હિસાબ દેશની મહિલાઓ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલાઓ માટે માત્ર કાગળ પર યોજનાઓ નથી બનાવી. ઉજ્વવલા યોજના, લખપતિ દીદી યોજના લાવ્યા છે. અનેક રાજ્યો છે જેમાં 50 ટકા મહિલાઓ અનામત છે.

રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે નારી શક્તિ અધિનિયમ સુધારા. બિલ લાવ્યા હતા પણ કોંગ્રેસના કારણે એ પાસ થયું નહીં નકારાત્મકતાની રાજનીતિ કોંગ્રેસ કરે છે

આ અધિનિયમ લાગુ થાય તો સામાન્ય મહિલાઓ ને પ્રતિનિધિત્વ મળતું થઈ જશે. જે કોંગ્રેસ ને પસંદ નહોતું ભાજપના પ્રદેશ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે 17 એપ્રિલનો દિવસ નારી શક્તિનો સુવર્ણ દિવસ બની ચૂક્યો હોત પણ કોંગ્રેસના કારણે એ શક્ય બની શક્યું નથી.

મહિલા વિરોધી કોંગ્રેસે મહિલાઓના માર્ગમાં રોડા નાખી મહિલાઓનું અપમાન કર્યું છે. કોંગ્રેસે મહિલાઓનો વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો છે

# Congress Vision Document

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અનુલક્ષીને ગુજરાતના શહેરો માટે વિઝન ડોક્યુમેન્ટ રજૂ કર્યું છે.

અમદાવાદની જીવંત ગલીઓથી લઈને સુરતની ઉદ્યોગશક્તિ સુધી, વડોદરાની સાંસ્કૃતિક ધરોહરથી લઈને રાજકોટની ઊર્જા સુધી, જામનગરના જોમ-જુસ્સાથી લઈને ભાવનગરની ભાવનાથી આપણા શહેરો માત્ર વિકસી રહ્યા નથી, પરંતુ સપનાઓ જોઈ રહ્યા છે. શ્રી ચાવડાએ

એક એવું ગુજરાત, જ્યાં દરેક શહેર દરેક નાગરિકનું હોય. એક એવું ગુજરાત, જ્યાં વિકાસ પસંદગીનો નહીં, પરંતુ સર્વસમાવેશી હોય.આ વિજન ડોકયુમેંટમાં સર્વસમાવેશિતા, નાગરિક સુવિધાઓ રોજિંદા જીવનમાં ગૌરવ, પારદર્શિતા વિશ્વાસપાત્ર સરકાર,જવાબદારી , સત્તા નાગરિકો પાસે  પરવડે તેવું જીવન અને દરેક માટે શહેર જેવા મુદાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે

# CHAR-DHAM-YATRA

અક્ષય તૃતીયાના શુભ પ્રસંગે આજે ચારધામ યાત્રાની શરૂઆત થઈ છે. આજે યમુનોત્રી અને ગંગોત્રીના કપાટ ખોલવામાં આવ્યા છે. ગંગોત્રી મંદિરમાં દેવી ગંગાની મૂર્તિ અને યમુનોત્રી મંદિર પરિસરમાં યમુનોત્રીની મૂર્તિઓ ધાર્મિક વિધિઓ સાથે સ્થાપિત કરવામાં આવી હતી. મંદિરોને ફૂલોથી સુંદર રીતે શણગારવામાં આવ્યા છે, અને વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું કે રાજ્યસરકારે ચારધામ યાત્રાને સુરક્ષિત, સુવ્યવસ્થિત અને મૈત્રીપૂર્ણ બનાવવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. દરમિયાન, કેદારનાથ ધામના દ્વાર 22 એપ્રિલે ખુલશે, ત્યારબાદ શ્રીબદ્રીનાથ ધામ 23 એપ્રિલે ખુલશે. ગઈકાલ સાંજ સુધી, 18.9 લાખ યાત્રાળુઓએ ચાર ધામ યાત્રા માટે ઓનલાઈન નોંધણી કરાવી છે.

# AKSHAY TRITIYA

આજે દેશભરમાં અક્ષય તૃતીયાનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. લોકો માને છે કે આ તહેવાર સૌભાગ્ય અને સફળતાનું પ્રતીક છે. અને આજથી બધા શુભકાર્યોની શરૂઆત થાય છે. આ દિવસે લોકો દેવી-દેવતાઓને સૌભાગ્ય માટે પ્રાર્થના કરે છે. ઘણા લોકો આ દિવસે સોનું પણ ખરીદે છે.

ધાર્મિક માન્યતા છે કે આ દિવસે કરવામાં આવેલા પુણ્ય કર્મનો ક્યારેય ક્ષય (નાશ) થતો નથી, તેથી તેને 'અક્ષય' કહેવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં અખાત્રીજના પવિત્ર પર્વે ખેડૂતોએ નવા કૃષિ વ ર્ષની શુભ શરૂઆત કરી છે.

હિંમતનગર અને ઈડર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ખેડૂતોએ ખેડૂતોએ ખેતરમાં જઈ ધરતી માતા અને કૃષિ સાધનોનું પૂજન કરી 'ખેડાણનું મુહૂર્ત' કર્યું હતું.

આ પ્રસંગે ખેડૂતોએ આવનારા ચોમાસામાં સારો વરસાદ અને સમૃદ્ધ પાક માટે પ્રાર્થના કરી.
અખાત્રીજના દિવસે શરૂ કરાયેલ ખેતી કાર્યને શુભ માનવામાં આવે છે.

આજે દેશભરમાં પરશુરામ જયંતીની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. ભગવાન પરશુરામ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર છે.

# The pride of Gandhinagar CBSE

સમગ્ર દેશમાં લેવાયેલી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન- CBSC ની પરીક્ષામાં ગાંધીનગરના ફિઝિક્સવાલા વિધાપીઠના વિદ્યાર્થી સ્તવ્ય શાહે 99.6 ટકા સાથે પ્રથમ સ્થાન મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું આ અંગે સ્તવ્ય શાહનો પ્રતિભાવ

## (BYTE - સ્તવ્ય શાહ)

દરમિયાન ફિઝિક્સવાલા વિધાપીઠના સંચાલકોએ સ્તવ્ય શાહનું સન્માન કર્યું હતું આ વિધાપીઠના 80માંથી 18 વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે

# `Bhavnagar Foundation Day

કેબિનેટ મંત્રી શ્રી અને ભાવનગર પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય શ્રી જીતુ વાઘાણીએ સંસ્કારી નગરી ભાવનગરના ૩૦૪મા સ્થાપના દિવસના પાવન અવસરે મોતીબાગ ટાઉન હોલ ખાતે ભાવેણાના આદ્યસ્થાપક મહારાજા શ્રી ભાવસિંહજીની પ્રતિમાને હૃદયપૂર્વક નમન કરી પુષ્પાંજલિ અર્પણ કરી,

આ પ્રસંગે શ્રી વાઘાનીએ કહ્યું હતું કે ભાવનગરના પાયામાં પરોપકાર અને પ્રજાહિતના મૂલ્યો વણાયેલા હોય, એવી આપણી ભવ્ય પરંપરાઓ જ ભાવેણાના ઇતિહાસ અને સંસ્કૃતિને આજે પણ જીવંત રાખી રહી છે.